ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

હજુપણ ડેમમાં પાણીની આવકમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે

ઉપરવાસમાં અતિભારે વરસાદથી દાહોદ જિલ્લામાં કાળી-૨ ડેમ ૯૯.૩૮% ભરાયો

(પ્રતિનિધી) દાહોદ, તા.15

દાહોદ જિલ્લાના કાળી-૨ ડેમની મહત્તમ જળસપાટી ૨૫૭ મીટર છે, જ્યારે હાલમાં હેમમાં પાણીની સપાટી ૨૫૬.૯૦ મીટર સુધી પહોંચી છે. ઉપરવાસમાં વરસાદને કારણે ડેમમાં પાણીની આવક યથાવત રહેતા જળસંગ્રહમાં દાહોદ જિલ્લામાં માછણ ડેમમાં ૯૨.૧૬% પાણીની આવક થઈ ઉપરવાસમાં સારા વરસાદને પગલે માછણ ડેમમાં પાણીની આવકમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. હાલમાં માછણ ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાના ૯૨.૧૬% સુધી ભરાયો છે મળતી માહિતી અનુસાર માછણ ડેમની મહત્તમ જળસપાટી ૨૭૭.૪૫ મીટર છે, જ્યારે હાલમાં ડેમમાં પાણીની સપાટી ૨૭૭.૨૦ મીટર સુધી પહોંચી છે વરસાદના કારણે ડેમમાં પાણીની આવક વધતા જળસંગ્રહમાં નોંધપાત્ર વધારો થયો છે.ડેમમાં પાણીનો સંગ્રહ વધતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આગામી દિવસોમાં આ પાણીનો ઉપયોગ સિંચાઈ તેમજ પીવાના પાણીની જરૂરિયાત માટે લાભદાયી બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. સતત વધારો થઈ રહ્યો છે.કાળી-૨ ડેમમાં પાણીનો જથ્થો વધતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ડેમમાં સંગ્રહાયેલું પાણી આગામી દિવસોમાં સિંચાઈ તેમજ પીવાના પાણીની જરૂરિયાત માટે લાભદાયી સાબિત થવાની આશા છે. ડેમમાંથી ૬૮૮ ક્યુસેક પાણીની આવક સાથે તેટલી જ જાવક લીમખેડા તાલુકાનો ઉમરીયા ડેમ ૧૦ સેન્ટીમીટર ઉપરથી ઓવર ફ્લો થયો ઉપરવાસમાં પાણીની આવક થતા ડેમ તેની મહત્તમ સપાટી ક્રોસ કરી ચુક્યો લીમખેડા.તા ૧૫ સપ્ટેમ્બર લીમખેડા તાલુકામાં છેલ્લા બે દિવસથી લાંબા વિરામ બાદ ફરી વરસાદી માહોલ જામતા ભારે વરસાદ ખાબકવાના કારણે લીમખેડા તાલુકાની જીવાદોરી સમાન ગણાતો ઉમરીયા ડેમ ઓવરફ્લો થતાં ધરતીપુત્રોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. ઉપરવાસમાં પાણીની સતત આવક થતાં ગત રાત્રે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ ઉમરીયા ડેમ ૨૮૦ મીટરની તેની સપાટીથી ૧૦ સેન્ટીમીટર ઉપરથી છલકાવાનું શરૂ થયો હતો. આજે બપોરે ૧૨:૩૦ વાગ્યાના સુમારે મળતા આંકડા મુજબ, ડેમ તેની મહત્તમ સપાટી ૨૮૦ મીટર ક્રોસ કરી ચૂક્યો છે અને હાલમાં ૨૫ સેન્ટીમીટર ઉપરથી છલકાઈ રહ્યો છે. ડેમ ઓવરફ્લો થતાં હાલમાં ડેમમાં ૬૮૮ ક્યુસેક પાણીની આવક નોંધાઈ રહી છે, જેની સામે એટલી જ એટલે કે ૬૮૮ ક્યુસેક પાણીની જાવક પણ થઈ રહી છે. સિંચાઈ વિભાગના આંકડા મુજબ, ગત ૨૪ કલાક દરમિયાન ઉમરીયા ડેમ અને તેના કેચમેન્ટ વિસ્તારમાં ૬૦ મીમી જેટલો નોંધપાત્ર વરસાદ ખાબક્યો છે.

દાહોદના છાપરી ગામે આંબા ફળિયામાં તસ્કરોએ એક ઘરને નિશાન બનાવ્યું

ઘરની દિવાલમાં બાકોરું પાડી સાડા ત્રણ લાખના સોના ચાંદીના દાગીના ચોર્યા

સાસુ-વહુ જાગી જતા તસ્કરોએ લાકડી અને પાટલાનો માર માર્યો

(પ્રતિનિધી) દાહોદ, તા.15

દાહોદ તાલુકાના છાપરી ગામે રહેતા રાહુલભાઈ લટુભાઈ ડામોર તથા તેના મોટાભાઈ રણુજા દર્શનાર્થે ગયા હતા. અને તેઓને ઘરમાં રાહુલભાઈની પત્ની સોનાબેન ઉર્ફે સોનલબેન ડામોર, ભાભી સવિતાબેન તેમજ માતા વિરાબેન એમ ત્રણેય મહિલાઓ ઘરમાં એકલી હોય તારીખ ૧૨-૯-૨૦૨૬ ના રોજ રાત્રિના નવેક વાગ્યાના સુમારે જમી પરવારી ઘરમાં સૂઈ ગયા હતા. તે દરમિયાન તે ફળિયામાં ત્રાટકેલા ત્રણ જેટલા અજાણ્યા તસ્કરોએ રાહુલભાઈ ડામોરના મકાનને ટાર્ગેટ બનાવી રાહુલભાઈ ડામોરના ઘરની પાછળની દીવાલમાં બાકોરું પાડી બાકોરા વાટે ત્રણે તસ્કરો ઘરમાં ભરાયા હતા આ સમયે સોનલબેન તથા તેની સાસુ વીરાબેન જાગી ગયા હતા અને તસ્કરોને અ પડકારે તે પહેલાં જ તસ્કરી એ સોનલબેન ને લાકડી તથા તેની સાસુ વીરાબેનને પાટલાથી માર મારી ઈજાઓ પહોંચાડી ઘરમાં પતરાના બે ડબ્બાઓમાં મુકેલ સોનલબેન ના સોના ચાંદીના દાગીના તેમજ રોકડ, તથા સાસુ વિરાબેનના સોના ચાંદીના દાગીના તેમજ જેઠાણી સવિતાબેનના રૂપિયા ૨,૬૫,૦૦૦/-ની કિંમતમાં સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૩,૫૦,૫૦૦/-ની મત્તા ચોરીને લઈ ગયા હતા. ગઈકાલે સોનલબેનના પતિ રાહુલભાઈ નટુભાઈ ડામોર તથા તેના મોટાભાઈ રણુજાથી પરત ઘરે આવતાં સેનલબેને તેઓને ચોરી થયાનું જણાવ્યા બાદ આ સંબંધે દાહોદ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સોનલબેન રાહુલભાઈ ડામોરે ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૩૦૫ (એ), ૩૩૧(૪),૩૩૧(૬),૫૪ મુજબ ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ડોગ સ્ક્વોર્ડ તથા એફએસએલ ની મદદની માગણી કરી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે.

ગરબાડાના માતવા ગામે જમીનમાં ઢોરો ચરાવવાનો મામલો

બોલાચાલી બાદ લાકડાના ફટકા મારીને યુવકનુ ઢીમ ઢાળી દીધુ

(પ્રતિનિધી) દાહોદ, તા.15

ગરબાડા તાલુકાના માતવા ગામના નવી વસાહત ફળિયામાં રહેતા મલસીંગભાઈ હિમલાભાઈ મીનામાના સગાભાઈ પાંગળા ભાઈ હિમલાભાઈ મીનામાં પરમ દિવસ તારીખ ૧૩-૯-૨૦૨૬ના રોજ બપોરના દોઢેક વાગ્યાના સુમારે તેના ગામના ગાળિયા ફળિયામાં આવેલા તેમના નાકાવાળા ખેતરમાં પોતાના ઢોર ચરાવવા ગયા હતા.

તે વખતે તેના ગામનો ગમુભાઈ કુરબાનભાઈ પલાસ હાથમાં લાકડી લઈ પાંગળાભાઈ પાસે આવી, તું મારી જમીન માં રોજે રોજ ઢોરો કેમ ચરાવે છે? આજે તો તને છોડવાનો નથી તેમ કહી બેફામ બિભત્સ ગાળો બોલતાં પાંગળા ભાઈએ તેને ગાળો બોલવાની ના પાડી, હું રોજે રોજ મારી જમીનમાં જ ઢોરો ચઢાવું છું તેમ છતાં તું મને ગાળો શેનો બોલે છે? તેમ કહેતા ગમુભાઈ મીનામાંએ એકદમ ઉશ્કેરાઈ જઈ, તું મને કહેવા વાળો કોણ? તેમ કહી તેના હાથમાંની લાકડનો એક જોરદાર ફટકો પાંગળાભાઈ મીનામાને માથામાં મારી દેતા પાંગળાભાઈ મીનામાને માથામાં ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું.

આ સંબંધે મરણ જનાર માતવા ગામના પાંગળાભાઈ મીનામાના સગાભાઈ મલસીંગભાઈ હિમલા ભાઈ મીનામાએ જેસાવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે માતવા ગામના ગમુભાઈ કુરબાન ભાઈ પલાસ તેમજ શંકાસ્પદ વિષમો મથુરભાઈ સુરસિંગભાઈ પલાસ, મહેન્દ્રભાઈ મથુરભાઈ પલાસ, લક્ષ્મણભાઈ ગમુભાઈ પલાસ, ચતુરભાઈ સુરસીંગભાઈ પલાસ, મસુરભાઈ સુરસીંગભાઈ પલાસ તથા મિથુનભાઈ ચતુરભાઈ પલાસ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૩(૧),૩૫૨ મુજબ મર્ડર નો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વેજલપુર નગરની વિવેકાનંદ સોસાયટીમાં શ્રીજીની પધરામણી

(પ્રતિનિધી) કાલોલ, તા.15

વેજલપુરની વિવેકાનંદ સોસાયટી ખાતે શાસ્ત્રોક્ત વિધિથી "વિવેકાનંદના રાજા" શ્રીજીની સ્થાપના કરાઈ કાલોલ તા ૧૫/૦૯/૨૬ આજરોજ ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે સમગ્ર કાલોલ પંથકમાં ભારે હર્ષોલ્લાસ અને ભક્તિમય વાતાવરણ વચ્ચે વિઘ્નહર્તા દેવ શ્રી ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. જે અંતર્ગત કાલોલ તાલુકાના વેજલપુર ખાતે આવેલી વિવેકાનંદ સોસાયટી ખાતે "વિવેકાનંદના રાજા" ની અત્યંત ભક્તિભાવપૂર્વક સ્થાપના કરવામાં આવી હતી. ગણેશ ચતુર્થીના મંગળ પ્રસંગે સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. પંડિતજીના સુમધુર મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે ભગવાન શ્રીજીની પ્રતિમાની સ્થાપના કરી પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત તમામ શ્રદ્ધાળુઓએ ગણપતિ બાપાની મહાઆરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે "ગણપતિ બાપા મોરિયા" ના નાદથી સમગ્ર વિવેકાનંદ સોસાયટીનું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

માઈભક્તોના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું

નવદુર્ગા ગ્રુપ લીમખેડા દ્વારા અંબાજી પગપાળા સંઘનું ભવ્ય પ્રસ્થાન

સંઘ દ્વારા ભાદરવી પૂનમે અંબાજી માા મંદિરના શિખરે ધજા ચઢાવાય છે

(પ્રતિનિધિ) સુખસર,તા.15

લીમખેડા ખાતે નવદુર્ગા ગ્રુપ લીમખેડા દ્વારા લીમખેડાથી અંબાજી સુધીની પગપાળા પદયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં માઈભક્તોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહી પદયાત્રામાં ભાગ લીધો હતો. નવદુર્ગા ગ્રુપ લીમખેડા દ્વારા છેલ્લા પાંચ વર્ષથી અંબાજી પગપાળા યાત્રાનું સુંદર આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ આયોજકો ભરતભાઈ ડામોર, પ્રવીણભાઈ, રાજુભાઈ, પિન્ટુભાઈ બિલવાલ, લાલાભાઈ ડામોર સહિતના માઈભક્તોના સહયોગથી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી હસ્તેશ્વર મહાદેવ મંદિર, મોટા હાથીધરાના મહંતશ્રી તુરંતીપુરી બાપુ તથા રાષ્ટ્રીય હિન્દુ સંઘ ગુજરાતના પ્રદેશ પ્રચારક શ્રી રીકેશભાઈ પ્રજાપતિ દ્વારા મહા આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ મહંતશ્રી તુરંતીપુરી બાપુ અને શ્રી રીકેશભાઈ પ્રજાપતિ દ્વારા અંબાજી પદયાત્રાનું ભવ્ય પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. માઈભક્તોના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. પદયાત્રા દરમિયાન સૌ ભક્તોએ મા અંબાના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્ય થવાની ભાવના સાથે યાત્રાનો પ્રારંભ કર્યો હતો.

ભીતોડી પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય હિન્દી દિવસની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) સુખસર,તા.14

સુખસર તાલુકાની ભીતોડી પ્રાથમિક શાળામાં આજ રોજ તારીખ 14.9.2026 ના રોજ રાષ્ટ્રીય હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.સૌપ્રથમ આચાર્ય અને સ્ટાફ દ્વારા હિન્દી દિવસ વિશે માહિતી આપવામાં આવી હતી. જેમાં રાષ્ટ્રીય હિન્દી દિવસની ઉજવણી સૌપ્રથમ 1953માં કરવામાં આવી.1949 માં હિન્દીને રાજભાષા તરીકે અનુચ્છેદ 343 અને આઠમી અનુસૂચિ હેઠળ માન્યતા આપવામાં આવી હતી.વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષાઓમાં હિન્દી ત્રીજા ક્રમે આવે છે.વિશ્વ હિન્દી ભાષા દિવસ 10 મી જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે.હિન્દી પત્રકારિતા દિવસ 30 મેના રોજ ઉજવવામાં આવે છે. સાથે શાળામાં અઠવાડિયામાં એક દિવસ સોમવારના રોજ શિક્ષણ કાર્ય હિન્દી ભાષા કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને પણ હિન્દી ભાષા બોલવામાં ખૂબ મજા આવી હતી.તથા હિન્દી દિવસ વિશે ટેસ્ટ અને અક્ષર લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી.

ડેરોલ સ્ટેશનના ઘી કાંટા રોડ ખાતે ગણેશ સ્થાપન કરાયું

(પ્રતિનિધી) કાલોલ, તા.15

કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન વિસ્તારમાં આવેલ ઘી કાંટા રોડ (ચોર મુવાડી) ખાતે શ્રી કૃષ્ણ યુવા ગ્રુપ દ્વારા ગણેશ મહોત્સવ ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો છે. અહીં વિઘ્નહર્તા દેવ શ્રી ગણેશજીની પ્રતિમાની વિધિવત અને શાસ્ત્રોક્ત પૂજા-અર્ચના સાથે સ્થાપના કરવામાં આવી હતી. આ ગણેશ સ્થાપના પ્રસંગે સ્થાનિક રહીશોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. જેમાં ખાસ કરીને બાળકો અને બાળ ગણેશ ભક્તો વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સ્થાનિક બાળ ભક્તો પોતપોતાની શ્રદ્ધા અને ભક્તિભાવ પૂર્વક પોતાના નાના બાળ ગણેશજીની મૂર્તિઓ લઈને મંડપ ખાતે પહોંચ્યા હતા અને મુખ્ય મંડપમાં ગણેશજીની સાથે પોતાની મૂર્તિઓની સ્થાપના કરી હતી. સમગ્ર વાતાવરણ 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નાદથી ગૂંજી ઉઠ્યું હતું અને સ્થાનિકોએ ભક્તિમય માહોલમાં દાદાના આશીર્વાદ મેળવ્યા હતા.

સુખસરમાં અંબાજી પદયાત્રીઓ માટે જય અંબે ગ્રુપની અવિરત સેવા કાર્યરત

(પ્રતિનિધિ) સુખસર,તા.15

સુખસર એસ.આર. પેટ્રોલ પંપ ખાતે 'જય અંબે ગ્રુપ, સુખસર પ્રખંડ' દ્વારા અંબાજી જતા પદયાત્રીઓ માટે ભવ્ય અને અવિરત સેવા કેમ્પ કાર્યરત કરવામાં આવ્યો છે. વહેલી સવારે 5 વાગ્યાથી ગરમાગરમ ચા-પૌંઆ અને 7 વાગ્યાથી દાળ-ભાત,શાક,પૂરી તેમજ શીરા સહિતનું શુદ્ધ ભોજન રાત્રિના 1 વાગ્યા સુધી અવિરત પીરસવામાં આવી રહ્યું છે. લાંબી પગપાળા યાત્રાથી માઈ ભક્તો માટે આરામદાયક ગાદલાં અને ઓઢવાની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે.સુખસર પ્રખંડ સમસ્ત હિન્દુ સમાજના 51 ગામો તરફથી રોટલા-રોટલી સહિત સેવામાં મોટો જન સહયોગ પણ મળી રહ્યો છે. તેમજ આફવા PHC અને સુખસર CHC નો મેડિકલ સ્ટાફ રાઉન્ડ ધ ક્લોક ખડેપગે રહી યાત્રાળુઓને જરૂરી સારવાર અને દવાઓ આપી રહ્યો છે.

સિંગવડના આરોડાથી અંબાજી રથનું પ્રસ્થાન, ભક્તોમાં ઉત્સાહ

(પ્રતિનિધિ) સિંગવડ, તા.15

સિંગવડ તાલુકાના આરોડા ગામથી માં અંબાના ધામ અંબાજી જવા માટે અંબાજી રથનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે આરોડા ગામના આગેવાન રમેશભાઈ તથા સર્વે ભક્તો દ્વારા માકુળદેવીના દર્શન કરી આશીર્વાદ લીધા હતા ત્યાર પછી ત્યાંથી રથ રવાના થયો હતો જે રથ સિંગવડ નગરમાં થઈને સિંગવડ નગરની કબૂતરી નદી કિનારે આવેલા માં ભમરેચીના મંદિરે સર્વે ભક્તો દ્વારા દર્શન કરવામાં આવ્યો હતા જ્યારે માં કુળદેવીના આશીર્વાદ લઈ સરપંચ શ્રી આરોડા દ્વારા રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો અને માઈ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને જય અંબેના નાદ સાથે રથને વિદાય આપવામાં આવી હતી.

વનવિભાગ અને દાહોદના પ્રકૃતિ મિત્ર મંડળની ટીમને મળી સફળતા

દાહોદના રળિયાતી-મુવાલિયા વિસ્તારમાં આતંક મચાવનાર દીપડો આખરે પાંજરે પૂરાયો

(પ્રતિનિધી) દાહોદ, તા.15

છેલ્લા આશરે એક મહિનાથી દાહોદ શહેર નજીક આવેલા રળિયાતી અને મુવાલિયા પંથકમાં સતત દેખા દેતા અને ગ્રામજનોમાં ફાળ ઉપડાવનાર દીપડો આખરે આજે વનવિભાગ અને સ્થાનિક ટીમની સંયુક્ત કામગીરીથી પાંજરે પૂરાયો છે. દીપડો પકડાઈ જતાં સ્થાનિકો અને ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો છે. રળિયાતી અને મુવાલિયા પંથકમાં છેલ્લા એક માસ દરમિયાન દીપડાના સતત આંટાફેરા નોંધાતા હતા અને ખેતરોની માટીમાં તેના પગના પંજાના નિશાન જોવા મળતા હતા. જેના કારણે રાત્રિના સમયે ખેતરોમાં જવું કે બહાર નીકળવું સ્થાનિક લોકો માટે જોખમી બની ગયું હતું. પશુપાલકોમાં પણ પોતાના પશુધનની સુરક્ષાને લઈને ભારે ચિંતા વ્યાપેલી હતી.

દીપડાની હલચલ વધતાં સ્થાનિકો દ્વારા ટીમ પ્રકૃતિ મિત્ર મંડળ અને દાહોદ વનવિભાગને જાણ કરવામાં આવી હતી. આ મામલે દાહોદ વનવિભાગ અને 'દાહોદ પ્રકૃતિ મિત્ર મંડળ'ની ટીમે તુરંત હરકતમાં આવી સંયુક્ત મોરચો સંભાળ્યો હતો. દીપડાની અવરજવર વાળા વિસ્તારો અને પગમાર્ક (પગલાં)ના આધારે ચોક્કસ લોકેશન ટૂંક કરી વ્યુહાત્મક રીતે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. દરમ્યાનમાં તા.૧૫ સપ્ટેમ્બરની વહેલી સવારે દીપડો શિકારની લાલચે અર્બન હોસ્પિટલની પાછળના ભાગે એક ખેતરમાં ગોઠવાયેલ પાંજરા તરફ ખેંચાઈ આવ્યો હતો અને પાંજરામાં કેદ થઈ ગયો હતો. એકદમ યુવાન વયનો નર દીપડો પાંજરે પૂરાયાની જાણ થતાં જ બંને ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી.

પ્રકૃતિ મિત્ર મંડળ અને વનવિભાગના સફળ સંયુક્ત ઓપરેશનના કારણે મોટી જાનહાનિ કે અનિચ્છનીય બનાવ ટળ્યો છે. વનવિભાગ દ્વારા દીપડાનું સ્વાસ્થ્ય પરીક્ષણ કર્યા બાદ તેને સુરક્ષિત રીતે ઊંડા જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

સાગબારામાં નેશનલ હાઈવે પર કન્ટેનરમાં ભીષણ આગ

ભરૂચ : નર્મદા જિલ્લાના છેલ્લા તાલુકા સાગબારા ખાતે નેશનલ હાઈવે રોડ પર વહેલી સવારે એક ટ્રક કન્ટેનરમાં અચાનક આગના ગોટે ગોટા નીકળતાં થોડા સમયમાં જ કન્ટેનર બળીને ખાખ થઈ ગયું હતું. ગુજરાતના છેલ્લા તાલુકામાં ફાયર બ્રિગેડની ટીમ ન હોવાથી આગ લાગતાં સૌ બેબાકળા થઈ ગયા હતા. જોકે, સ્થાનિક યુવાનોએ આગને કાબૂમાં લેવા માટે પાણીનો મારો ચલાવ્યો હતો, છતાં તે નિરર્થક સાબિત થયો હતો. આ ઘટનામાં ચાલક કમનસીબે બચી ગયો હતો

ગ્રામીણ પ્રશ્નોનું ઝડપી નિકાલ માટે સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી

મોટા આંબલીઆ ગામના વિકાસને અવરોધતા પ્રશ્નોના નિરાકરણ માટે સાંસદને રજૂઆત

આ સિવાય જનકલ્યાણના કોઈપણ કામો કે વિકાસને રૂંધતા પ્રશ્નોનો હોય તો ધ્યાને લાવવાનો અનુરોધ કરાયો હતો

(પ્રતિનિધી) દાહોદ, તા.15

દાહોદ જિલ્લાના નવરચિત સીંગવડ તાલુકાના મોટા આંબલીઆ ગામના રસ્તાના કામો, ખેતી માટે સિંચાઈ સુવિધા, પેટા આરોગ્ય કેન્દ્રના બાંધકામ, બ્રાન્ચ પોસ્ટ ઓફીસ શરૂ કરવા, પ્રાથમિક શાળાના નવા ઓરડાઓ બાંધવા, આંગણવાડીના મકાનનું બાંધકામને સત્વરે પૂર્ણ કરવા વિગેરે પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા માટે મોટા આંબલીઆ ગામના ગ્રામજનો દ્વારા દાહોદના સાંસદ જશવંતસિહ ભાભોરને રૂબરૂ મળ્યા હતા. મોટા આંબલીઆ ગામના વિકાસમાં અવરોધક બનતા આ પ્રશ્નોના નિરાકરણ માટે મોટા આંબલીઆ ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સાંસદને મુદ્દાસરની રજુઆત કરી હતી.

સાંસદ જશવંતસિહ ભાભોરે ઉપસ્થિત રહેલ મોટા આંબલીઆના ગ્રામજનોની અગવડતાઓ વિશેની રજૂઆત શાંતિપૂર્વક સાંભળી હતી અને ગ્રામજનો તરફથી રજુ કરવામાં આવેલ પ્રશ્નોનું તબક્કાવાર ટૂંક સમયમાં નિરાકરણ લાવવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી. સાંસદ ભાભોરે મોટા આંબલીઆના ગ્રામજનોની રજૂઆત અને પ્રશ્નોના નિરાકરણ માટે સંબંધિત કચેરીઓના અધિકારીઓને ટેલિફોન ઉપર સૂચના પણ આપી હતી.

સાંસદે આ સિવાય જનકલ્યાણના કોઈપણ કામો કે વિકાસને રૂંધતા પ્રશ્નોનો હોય તો ધ્યાને લાવવાનો અનુરોધ કરતાં ગ્રામીણ વિકાસ અંગેની કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાની પ્રતિતી કરાવી હતી.